श्री अंबिका गरबावळी.

रचनार

માસ્તર ચુનિલાલ દામોદરદાસ પંડ્યા.

નડિઆદ નિવાસી.

પ્રસિદ્ધ કરનાર,

મગનલાલ દામોદરદાસ પંડ્યા.

નડિઆદ નિવાસી.

પ્રથમાવૃત્તિ—પ્રત ૧૦૦૦

અમદાવાદ

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટિંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપી

સંવત ૧૯૭૧. શ્રાવણ માસ કૃષ્ણપક્ષ સને ૧૯૧૫

ન્યોછાવર (કીંમત) અઢી આના. પોસ્ટેજ ૧ પાઈ.

નમ્ર વિજ્ઞપ્તિ.

સદરહુ બુકની ઉપજેલી કીંમતમાંથી છપામણી વગેરે ખર્ચ બાદ જતાં બાકીની રકમ સત્કાર્યમાં વાપરવા કર્ત્તાની અભિલાષા હોવાથી કોઈએ વિના મૂલ્યે માગવી નહિ એવી નમ્ર વિજ્ઞપ્તિ છે.

લી અંબિકાનો બાળ,
માસ્તર ચુનિલાલ દામોદરદાસ પંડયા.
ઠે. લખાવાડ-નડિઆદ.

"સસ્તી વાર્તામાળા"ની નીતિ ધર્મવર્દ્ધક નવલકથાઓ અમારી પાસેથી ગ્રાહક થઈ મેળવી શકાશે. આ નવલકથાઓ સ્ત્રીપુરૂષોને ઘણી ઉપયોગી છે.

મળવાનું ઠેકાણું.

ગાંધી ચુનિલાલ છગનલાલ
ઠે કણસારવાડા-નડીઆદ.

કર્ત્તા પાસેથી તથા પ્રસિદ્ધકર્ત્તા પાસેથી મળશે.

ચર્ણાર્પણ.

ઓ જગજજનની ' ઓ બ્રહ્માણ્ડોદરી મા જગદંબા !

ત્હારી કૃપાવડે, ત્હારી દયાવડે, સમસ્ત ભૂમંડળના જીવો
જીવન ધારણ કરી રહ્યા છે હુ તેમાંનો એક ક્ષુદ્ર
જીવ છુ ત્હારી અદૃષ્ય કૃપા–બળને લીધેજ હુ
આ પુસ્તકમા પ્રકટ કરેલા કવનો રચી ત્હારા
સમક્ષ સાદર કરી શક્યો છુ ત્હારી ઇ-
ચ્છાથી, ત્હારી કૃપાથી અને ત્હારી શ-
ક્તિથી ઉત્પન્ન થયેલા કવન કુસુમોની
માળાઓ ત્હારા કણ્ઠમાજ અર્પણ
કરી કૃતાર્થ થાઉ છુ મા !
એના પર બીજા કોનો હક્ક
હોય વારૂ ? ત્હારૂં તે
તો તનેજ આપવુ
જોઇએ લે, મા !
સ્વિકાર !

ત્હારો કૃપાકાક્ષી

ચુનીલાલ.

श्री अंबिका गरबावळी.

શ્રી ગણપતિની સ્તુતિ.

શાર્દુલવિક્રિડીત છંદ.

શ્રી ગૌરી સુત પુત આ તમ તણો, આરાધિ આદિ સ્થળે,
ગાવા ગાન ગુણો ગણી તમ તણા, ઇચ્છા લહે આ પળે
જાણી બાળ દયાળ આપ મનથી, કાર્યો સુધારી તમે,
શાન્તિ દ્યો ગણનાથ દાસ જનને, જેથી ભજે આ સમે.
આરાધિ અલબેલડી ગઢ તણી, રાણી તણા પ્રેમને;
ગાવા દ્યો સદ્ભાવના ભગતની, રાખી સદા ક્ષેમને;
પ્રારંભે પ્રણમુ પ્રણામ કરીને, દ્વૌ હાથ જોડી તમો;
આરાધ્યા વિમળા તણાં પદ ઘણા, ગાવા તણો આ સમો.

શ્રી જુગતંબા પર પત્ર.

સ્વસ્તી શ્રી આરાસુર ધામ જે શોભે સારરે,
ત્યા શ્રી જુગતબાનો મુકામ ગુણ ભંડારરે,
અજ તનયા અજાવડી બહેન કુટુંબી વધારેરે,
ગજાનન મહારૂદ્ર સાથે સુરો ત્યા પધારેરે.
ખોડીઆર વારાહીની જોડ શોભે બહુ સારીરે,
કાળભૈરવ કેરી હાક વાવડી છે ન્યારીરે,
પાણી પાઈને ઠંડા કરે છે યાત્રાળુનાં તનરે,
બટુકજીના દર્શન અભિલાષે તલ્સ્યું મુજ મનરે.

કીધાં દર્શન થઈ ને પ્રસંન નવાઈ દીઠી ત્યાંહેરે,
રોટલો પકવ કરે છે જન નવલ વસ્ત્રમાહેરે;
દેખી ચકિત થાયે છે મન ચમત્કાર ભાળીરે,
માનસરોવરે શુદ્ધ વારી એ કૃપા દયાળીરે
માજી વાસનું ગબ્બર સ્થાન જોવા મન થાયરે,
જબરા જન થાવા માટ—ગબ્બર ગઢે જાયરે;
જ્યા છે માજીને મૂળ મુકામ જોવા મન તળસેરે,
જેથી ભાવટ ભાગી જાય ત્યા અમૃત વરસેરે
ત્રણ ગાઉએ કોટેશ્વર કૈલાસે બિરાજેરે,
દૂધાધારી બાવાનો મુકામ ગુફા મધ્યે છાજેરે,
લિખીત ગ નટપુરનો બાળ ઘ્રાણેન્દ્રિ[1] શૃંગારરે,
[2]રક્તવર્ણ દામોદર તન ન બુદ્ધિ લગારરે
બાળ ગોપાળ સહકુટુંબને તે ચરણે નમે છેરે,
મિત્ર મંડળ સૌ ગુણ ગાઇ આનંદે રમે છેરે;
વાચો સાષ્ટાંગ પ્રણામ હમારા મંડળનારે,
સ્વીકારી રૂદયે રાખો જેમ વારી કર મંડળમારે
હમો આપ કૃપાથી કુશળ ક્ષેમ છીએ માજીરે,
બાળ બચ્ચા સ્નેહી વર્ગ સાથ નામ જપે ગાજીરે;
આપનો જે અગાધો પ્રેમ વિસારે ન જાયરે,
તેવી રીતે કરી કૃપા આઇ સંભારો સદાયરે.
શ્રાવણ કૃષ્ણ ચતુર્દશી દિને તેડો માત ભાવેરે,
નટપુરમંડળ સૌએ ઉમંગે ગુણ તુજ ગાવેરે;

૧ નાકની ચુની. ૨ લાલ

હર વર્ષની લાગી છે રઢ તે તલસે મનરે,
દર્શન દેવાની કરી કૃપાય તેડાને સદનરે
યાચુ લળી લળી હુ માને કૃપા દૃષ્ટિ કરજ્યોરે,
બાળક તમ જાણીને માજી અરજી ઉર ધરજ્યોરે,
ભૂલ ચુકની કરજ્યો ક્ષમાય નોધારા આધારરે,
નમી નમીને લાગુ હુ પાય હે જગદાધારરે
આદ્ય શકિતનુ અ બાસ્વરૂપ નજરે કયારે ભાળુ રે,
મારૂ તલસી રહ્યુ છે મન એ રૂપ રસાળુ રે,
દર્શનાભિલાષી આ બાળ બેઠો તુજ ગોદેરે,
થઇ તૃપ્ત ને કરતો આનદ અતીશે વિનોદેરે;
ગાતો ગુણલા થઇને પ્રસન્ન નૃત્ય હુ કરતોરે,
નાગર જનની સગ હુ આનદ વારી ભરતોરે

નટપુર (નડીઆદથી) અંબાજી જવા ની-કળ્યા–પછીની હકીકત.

નટપુરનગરીથી આવ્યો હુ આજ આઇ ધામ જાવારે
આવ્યો રાજનગર મૂકામે, અતિ સુખી થાવારે.
ત્યાથી ગયો સાબરમતિ સ્થાને, કલોલ સુખાળુરે,
પહોચ્યો મહેસાણાના ધામે છે લોક માયાળુરે
ઉઝા નગરીએ ઉમયાદેવી જાુક્તિ જોવા જેવીરે,
કૈડવા કણુબીની માત જગત જને સેવીરે;
સિદ્ધક્ષેત્ર છે પરમ પવિત્ર જયા વસે માજી ભટ્ટરે,
માજી તણુ કરે પુજન રાખી ચોખવટ્ટરે.

પાલણપુર સ્ટેટ શોભાય કેવડાઓ સારારે,
અત્તરની બનાવટ ત્યાય નાગરિકો ન્યારારે,
શ્રાવણ માસે છેલ્લા ચંદ્રવારે બાળનાથ ભોળારે,
જાય દૂર સ્થળેથી મેળા મહીજન ટોળારે.
શહેર જોવા તણુ થાય મન રસ્તાને નિહાળીરે,
રસ્તો માજી જાવા તણો ઉચા ચઢાણને ભાળીરે,
જેથી વિનિમય કરી વાટ ને આવીઆ આબુરે,
જયા ત્યા પરદેશી અન્ય જન બોલે છે બાબુરે
ઘોડા ગધેડા મજુર ડોળી યાત્રાળુ કરે છેરે,
બેશી દર્શન કાજ સિધાવે કો બોજો ભરે છેરે,
આવ્યા ઠેકાદાર કેરી પાસ ટીકીટ કરાવીરે,
જય અબે કરી શઘ ચાલે છે પગ ડરાવીરે
લાગે નહિ ત્યા ઊણી આચ માજી નામ લેતારે,
આવ્યા સરિતાજીને તીરે ચોકી તહા દેતારે,
ચાલ્યા આગળ નામ ઉચારી બીજી ચોકી પાસરે,
સુરપગલાની ભલી શોભાય પાસ માગે ખાસરે
થાક ખાઈને આગળ જાય ભકતો બહુ ભાવેરે,
અબે સ્મરણનો કરે જાપ માજી પાસે આવેરે,
ત્રણ ઘાટી ચઢાવી માત ખોળા મધ્યે લે છેરે,
બાળ શાન્ત કરીને મૈયા અભય વર દેછેરે
ત્યા તો હોમ સામગ્રી સાથે રૂડો યજ્ઞ થાયરે,
ચડીપાઠ હોમાવીને ક્ષીર ચુદડી હોમાયરે;
પૂર્ણાહુતીમા નવલો રંગ જામે લોક ભારીરે,

જય અંબે અંબે કરી ભક્તો કરે કીકીઆરીરે.
નિરાજન પછીથી થાય માજી મુખ સામેરે,
પ્રસાદને આરોગી જન પધારે મુકામેરે;
રંક જનોની કરો રક્ષાય માજી બાળ જાણીરે,
ધરો દયા દિલે દયાળી ઘો અમૃત વાણીરે.
જેથી વિનવીએ વિણાધારી હમે માત તમનેરે,
જગજનની જતન જન તણુ કરી પાળો હમનેરે,
એજ ઇચ્છે મા દાસ તિહારો અંબે જગરાયરે,
શાન્તિ ભોગવીને હું સદાય પડુ તુજ પાયરે.
લખ્યો સંવત ઓગણીસેં ઇકોતેર સાલેરે,
માસ ફાલ્ગુન શુકલ એકાદશીએ ધરી વ્હાલેરે;
બૃહસ્પતિ તણો શુભ વાર ગુરૂનો છે સારોરે,
કરૂ આરાસુરીનુ સ્તવન મા પાર ઉતારોરે

રાગ-ધન્ય જેને ઘેર સુઘડ છે સતી સંસાર વિષે.

આદ્યશક્તિ અચળ સુખનુ ધામ છે, આરાસુરી આદ્યશક્તિ૦
રાત્રી દિન રટણથી વિરામ છે આરાસુરી૦
સૂરોને શાન્તિ આપી, અસુરોને સંહારી,
રિઝવીઆ છે દેવતા તમામને આરાસુરી૦
બ્રહ્મા પધારી વેદ વાણી કરે છે, વિષ્ણુ હૃદયમા ધ્યાન ધરે છે;
શિવજીને ડમરૂથી આરામ છે આરાસુરી૦
નારદજી વિણા વાદ્ય ધરીને, માજીને સ્તવે ખરા ચિત્તે કરીને,
શક્તિ કેરી સૌને પૂરી હામ છે. આરાસુરી૦

શ્રાવણુ માસે માત તેડાને ભાવે, નટપુર ભકતમંડળ દર્શને આવે;
ચાચરમાં હર્ષ આઠે જામ છે આરાસુરી૦
ત્રણે કાળે ત્રણ રૂપ મા ધરતા, પ્રાત કાળે બાળા રૂપમાં ફરતાં;
મધ્યાન્હે યુવા રૂપે નામ છે આરાસુરી૦
સાયંકાળે વૃદ્ધ ગાત્રે જણાયે, નિરાજન રૂડી શોભાથી થાયે;
શાન્તિદા આરાસુર મુકામ છે આરાસુરી૦
ચારે પ્રહર ચોઘડીઆ વાજે, ગબ્બર ગોખે અંબે આઈ બિરાજે;
માજી ભકત તણાં હામ દામ છે આરાસુરી૦
ચુસ્ત નિજ લાજ લહે, દામે મોહ દઇને, રટન કરે દાસ અંબા માઇ
નામ લઇને, નટપુરે દાસ કેરો ઠામ છે. આરાસુરી૦

રાગ—કાળા દીસો છો કાનજી કામણગારા ચિત્ત ચોરી મારૂં.

આરાસુરી અલબેલડી અંબા નામ સારૂં સુખ દેનારૂં,
દર્શન કરવા તલસે છે મન મારૂં, સુખ દેનારૂં;
આરાસુરમાં છે વાસ તમારો, ભક્ત જનોને તમે માજી તારો;
ભવાબ્ધિ પાર ઉતારો–તમે માજી તારો. આરાસુરી૦
વિમળ જૈનને કરૂણા મા કીધી, અષ્ટ સિદ્ધ નવે નિદ્ધિ મા દીધી,
દારિદ્રને નાખ્યુ વીંધી–નવે નિધિ મા દીધી. આરાસુરી૦
ચુસ્ત જનો માજી દર્શને આવે, નિજ મને પુષ્પ સુગંધીઓ લાવે;
લાજ દ્રવ્ય માહિ કહાવે–પુષ્પ સુગંધીઓ લાવે. આરાસુરી૦
લક્ષવશા હીણુભાગી જનને, દામ મેળવવા દુઃખ દે તનને;
મોક્ષ નથી વિણ ભજને–દુઃખ દે તનને. આરાસુરી૦
દવ બળે જળરૂપે મા અંબા, રક્ષણ કરશે કરી કર લંબા;
દાસ જાય ચાચર રંભા, કરી કર લંબા આરાસુરી૦

પંડિત પંડ્યે ધ્યાન કરીને, માજી હૃદયમાં ચિત્ત ધરીને;
આશ્રય માગે ફરીને-ચિત્તે ધ્યાન ધરીને આરાસુરી૦
ચંડમુંડને નાખ્યા મા ચોળી, મહીસાસુર નાખ્યો રગદોળી;
વાળી દીધી દૈત્ય હોળી, નાખ્યો રગદોળી. આરાસુરી૦
દેવો તણા માજી બહુ કાર્ય કીધા, ધ્યાન સરવના તમે હરી લીધા,
અમૃત ફળ દેઈ દીધા-તમે હરી લીધાં આરાસુરી૦
૧ ૯ ૭ ૧
શશી ભક્તિ મુનિ ભૂમિમા, ફરતા સવત્સરે નિજ આનદ ભરતા;
દુષ્ટ કાર્યો પરહરતા-નિજ આનદ ભરતા. આરાસુરી૦
અધિક વૈશાખે મન ધરીને, શુકલ દશમ શનિવાર ફરીને,
ગાયુ મા ભાવ કરીને-શનિવાર ફરીને આરાસુરી૦
નટપુર નગરીએ વાસ મા મારો, કર ગ્રહી દાસને પાર ઉતારો,
નહિ કાઇ મા વિણ આરો, દાસને પાર ઉતારો આરાસુરી૦
ભુલચુકની ક્ષમા કરીને, અરજી સ્વીકારો મા રહેમ ધરીને,
યાચુ હુ ફરી ફરીને-સ્વીકારો રહેમ ધરીને આરાસુરી૦

શ્રી માતાજીનુ વધામણું.

મોહનજીએ મોકલ્યુ રે મોસાળું એ રાગ.

વધામણી મોકલુ હુ અબાને, આવુ ચાચરમા રમવાને-વધામણી
નટપુરથી નીકળીઓ હુ ચાલી, આવ્યો રાજનગરે મતબાલી,
કીધા દર્શન મા ભદ્રકાળી વધામણી૦
ત્યાંથી આવ્યો સાબરમતી ધામે, પહોચ્યો કલોલના મુકામે,
આવ્યુ મહેસાણા રૂડુ ગામે. વધામણી૦

ત્યાંથી ટ્રેન તારંગા જાય, માજી દર્શનની રેલ થાય;
બીજી ટ્રેને બહુચરા જવાય વધામણી૦
જંકશન સ્ટેશન બહુ સારૂં, મનોહર લાગે છે પ્યારૂ;
ત્યાંનું પાણી લાગે છે ખારૂં. વધામણી૦
ચાલી ટ્રેનને આવીઓ ઉંઝા, ઉમાદેવીમા દર્શન મઝા;
નહી રહ્યા ત્યાં દિવસ ઝાઝા. વધામણી૦
આવીઓ ત્યાથી સિદ્ધક્ષેત્રે, સરસ્વતીથી પરમ પવિત્રે;
રહેવાનુ કહ્યુ અનેક મિત્રે. વધામણી૦
ત્યાથી આવ્યો પાલણપુર જયાહે, કેવડાની ઉત્પત્તિ છે ત્યાહે;
અત્તરની બનાવટ યાહે વધામણી૦
આવ્યા રોહ સ્ટેશને જયારે, રડવા તણુ મન થયુ ત્યારે;
ઉચુ ચઢાણુ દીઠુ જેવારે વધામણી૦
જેથી માર્ગ બદલી આવ્યા આબુ, અન્ય જનો બોલે છે બાબુ;
બોલી તણો નથી રહેતો કાબુ વધામણી૦
માજી દર્શને તલસે મન, જેથી કરતો માજીનુ ભજન,
આવ્યો શ્રાવણ માસે સદન · વધામણી૦
શ્રાવણ કૃષ્ણ અમાસના દિને, માજીના ગુણ ગાયા વદીને;
ઓગણીસ ઇકોતેર સદીને વધામણી૦
આવ્યા વટ વૃક્ષની નીચે, ભકતોની ભીડ ભરાઈ ગીચે.
ગરબા ગાઇને અમૃત સીંચે. વધામણી૦
પેટલાદ નટપુરના વાસી, પુજન કરવાના ઘણા ઉલ્લાસી;
દર્શન માટે રહ્યા છે પ્યાસી વધામણી૦
ચાલ્યા પુજાપો થાળ લઇને, ચાલુ કરી છે ત્યાથી ભવાઇને;
ગાન અબા તણુ પ્રીતે ગાઇને. વધામણી૦

યાત્રાળુ ઠઠ્ઠ બાઝી છે ઝાઝી, માજી નામ ઉચ્ચારે છે ગાજી;
આનંદની ગોઠવી છે બાજી. વધામણી૦
માજી સન્મુખ ભોળાનાથ, ગજાનન બીરાજ્યા છે સાથ;
પુજા કરે છે બાળ અનાથ. વધામણી૦
આરાસુરે મા વાસ તમારો, કર ગ્રહી મા પાર ઉતારો;
નથી ઉગરવાનો ઓવારો. વધામણી૦
રાત્રે ભવાઇ ભાવથી થાએ, નાગર બ્રહ્મ ભજન રૂડા ગાએ;
જેથી મહેર કરી અંબાએ. વધામણી૦
લખી અધિક વેશાખે મા ભાવે, પુર્ણીમા ગુરૂવાર કહાવે,
માજી દાસ પરે દયા લાવે વધામણી૦
ચુનિલાલ દામોદર તન, અંબા ગાવાનુ મારૂં મન;
નટપુરે મારૂ ભોવન વધામણી૦
ઓગણીસ ઇકોતેર સાલે, દીધી વધામણી બહુ વ્હાલે;
ભકત મંડળને કરો ન્યાલે વધામણી૦
સ્વીકારી અરજી મુજ મૈયા, ગાજી ગુણ ગાયે માજી ગવૈયા;
કંઇક ભવાઇ કરે મા ભવૈયા. વધામણી૦
નાગર સંગે ભવાઇ રૂડી થાયે, સહાય કરજ્યોને હે મમાયે;
રાજનગર જનની મા સ્હાયે વધામણી૦
છેલ્લે દિન પંચતિર્થી મા થાય, કસુંબો ભટ્ટ હસ્તે પીવાય,
વરસુદીયા હર્ષે પીવા જાય વધામણી૦
લાગુ લળી લળી હુ પાયે, શાન્તિ દેજોને માજી સદાયે;
દાસને સ્હાય કરો અંબાયે વધામણી૦
મૂઢ મતિ હું દાસ તિહારો, દર્શન દેઈને માજી તારો,
ભવ સાગર પાર ઉતારો વધામણી૦

૫૩૮

રાગ–સૌ સજ્જનને પ્રણામ હમારા, ભૈરવી.

શ્રી અંબાને પ્રણામ હમારા, નટપુર મંડળના. હમારા૦
આનંદનો દિન આજે, આવ્યા શ્રી દર્શન કાજે;
રાજેશ્વરી ગોખે બિરાજે, પાયે પડીઓ કરજોડી. શ્રી.
આવ્યો શ્રાવણે હુ ચાલી, કરી મ્હેર તમે મતબાલી;
નવ ગઇ મુજ મહેનત ઠાલી, લીધો મ્હેં લ્હાવો દર્શનનો. શ્રી.
દીઠા મેં અકળ સ્વરૂપે, સુવાસિત સળગે ધુપે;
દીઠુ મેં રૂપ અનુપ, ભાવઠ ભાગી મા નિરખી. શ્રી.
જ્યોતી મા અખંડ સળગે, નહિ હાલે એકે પલકે;
દેખી મન મારૂ મલકે, આનંદ ઉત્સવથી આજે. શ્રી.
પહેરી મા દક્ષિણી સાડી, મસ્તક પર ફુલડાની વાડી,
શુ ગાન કરે મા–લબાડી, આપની પવિત્ર મૂર્ત્તિના. શ્રી.
બાજુબંધ કંકણુ હાથે, મુગટ ઝળકે મા માથે;
શુ વર્ણવે આઇ અનાથે, માજીના રૂપ અલંકૃતિનું શ્રી.
ચુકુ નહિ અંબા નામ, નિજ પાય પડુ સુખ ધામ;
લાજ રાખી કરો શુભ કામ, લહુ હુ પાય પડી આજે શ્રી.
દાખો છો મુજ પર પ્રીતિ, મોટી છે આપની રીતિ,
દરરોજ રહુ શુભ નીતિ, રટી હુ અંબિકા તમને શ્રી.
દાવો છે તમ પર મ્હારો, સદ્દવર્તન દેઇ મા તારો;
પંડિત વદે મુને ઉગારો, કર ગ્રહી જગદંબા મ્હારો શ્રી.
નટપુરમાં દાસ રહે છે, શ્રી ગુણનુ ગાન કહે છે;
શુભ આશિષ માની લહે છે, આશા પુરશો એ વાણી. શ્રી.
તારીખ આઠે મે–જ્યારે–રચીયું મેં મા શનીવાર;

ગુણ ગાયા માજી સવારે, ઓગણીસ પંદરની સાલે શ્રી
સુખ શાન્તિ માજી દેજો, અરજી ઉરમા ગ્રહી લેજો,
નહિ ઉપાય રહ્યા કોઇ બીજો, ઇશ્વરી ઇચ્છા પૂર્ણ કરો. શ્રી

રાગ—આજે આનંદનો ધામ.

આજે આનંદનો ધામ, અંબિકાજીનો મુકામ,
ભક્ત તણી હામદામ, વસે યાહી સહુ—આજે૦
વિમળ વણિક ભીખારી, પેટ ભરે ગાયો ચારી,
એવી હતી લાચારી સહે કષ્ટ બહુ—આજે૦
માજી કૃપા કીધી જ્યારે, દશા ફરી ગઈ ત્યારે;
નામ વિસાર્યું જે વારે, દહેરા કીધા હોળી—આજે૦
તાર્યા વેવારીયાના વહાણ, સહુ જગતને જાણ,
મહીષ મર્દન પ્રયાણ, કીધુ રગદોળી—આજે૦
દેવો તણા કીધાં કામ, શાન્તિ આપી સર્વ ઠામ;
ધરી મહાકાળી નામ, ક્રોધ તણી મૂર્ત્તિ—આજે૦
મહા માયા ધરી રૂપ, કીધા દૈત્યને કુરૂપ,
બાળી બહુચરી અનુપ, શાન્તિદા છે પુતિ—આજે૦
પાવેગઢ કાળી માત, દક્ષિણે તુળજા સાક્ષાત,
જગન્નાથજી છે તાત, ગૌરી સુત સાથે—આજે૦
સર્વ રક્ષા કરો દેવ, કરજોડી કરૂ સેવ,
સુખી રાખો અહમેવ, ભક્ત જાણી અનાથે—આજે૦
ચુકી જાઉં જો કદાપિ, નિજ ધર્મને તદાપિ;
લાજ રાખશો સદાપિ, લક્ષ લાવો સાચુ—આજે૦

દાખું ચુકની ક્ષમાય, મોટી માત શ્રી અંબાય;
દમુ દેહ કરો સ્હાય, રટણુ કરી યાચુ—આજે૦
પંચદેવની રક્ષાય, જેને સહાય અંબે માય;
દે છે સુખડા સદાય, માજી નામ ભજતાં—આજે૦
શાન્તિ દેજો સર્વ ઠામ, નટપુરમા મુકામ;
લખાવાડ માંહી ઠામ, લહુ કાર્યો સજતા—આજે૦
અધિક વૈશાખના દિને, કૃષ્ણુપક્ષ છે સદિને,
ગાયુ દશમીના દિને, શનિવાર સારો છે—આજે૦
ધન્ય આરાસુર ધામ, અંબે આઇનો મુકામ,
જ્યાહ્રી વસે હામદામ, ખડખડતો પારો—આજે૦

રાગ-વાહરે લાલા મોહન બંસીવાલા.

આઈ અંબા કરોને કરલંબા આવુ હું ચાચરે રમવા. આઈ૦
મન મારૂ તલસી રહ્યુ છે આજે, અંબે ગાવાનું મન એકે અવાજે
અંબેના દર્શન કાજે, રાજેશ્વરી જ્યાં રાજે, આનંદ ધ્વનિ છાજે,
જગદંબા, કરલંબા, જયઅંબા, આઈ અંબા૦
આરાસુરી અલબેલડી મૈયારે, પડુંહુ આઇ અંબા તોરે પૈયારે,
પડું મે તોરે પૈયા, પકડલો મોરી બૈયા, હમતો હે તોરે છૈયા;
સુખ શાન્તા, કરમાતા, જગત્રાતા આઈ અંબા૦
શ્રાવણ માસે મા ભાવ ધરીનેરે, આવ્યો હુ અંબાજી ફરીનેરે,
ફરીને આવ્યો માજી, નામ જપુ હુ ગાજી, સુધરી મારી બાજી
મહાકાળી, બિરદાળી, લેઉ તાળી આઇ અંબા૦
નટપુર ભક્તો ગાય વદીનેરે, ઓગણીસ ઇકોતેર સદીનેરે,

સદીએ ગાયું માતા, પ્રેમી રસને પાતા, તમો છો જગવિધાતા,
મહામાયા, કરી છાયા, કર સ્હાયા. આઇ અંબા૦
શાન્તિ દેજો દેવી હે જગરાયારે, અકળકળા તુજ છે મહા માયારે,
મહામાયાનું રૂપે, દીઠુ મેં રૂપ અનુપે, નમે તમોને ભુપે;
શાન્તિ દા, અમૃત પા, ભ્હારે ધા આઈ અંબા૦
ચુસ્ત તમારો આ દાસ નિભાવોરે, લાજ રાખી ઘોને અમુલ્ય,
લવું છું માજી ખાલી, દાખું છુ મતલાબી દહુ છુ હે કૃપાળી;
રટી નામ, દાસ તમામ, નટપુર ઠામ આઈ અંબા૦
અધિક વૈશાખે ભાવ ધરીનેરે, ગુણ ગાયા ગાજી ગાન કરીનેરે,
ગાયા મેં ગુણ ગાજી, લજ્યા રાખોને માજી. રટુ અંબા અંબાજી;
અમાંસ ધાર, શુકરવાર કરજ્યો ભ્હાર આઇ અંબા૦

રાગ—શ્યામ ચરણ સ્મરણ મિત્ર–તાલ દાદરો.

જગત અંબા અકળ સ્વરૂપ નામ જપું તારૂ,
નામ જપુ તાહારૂ મા કદિએ નહિ વિસારૂ. જગત અંબા
રવિવારે રવિસમી દિપતી જ્યોત તા'રી,
ઝળહળે મા તુંજ પારો જાઉ તું પર વારી જગત અંબા
સોમવારે શાન્તિ દાતા વદન ચંદ્રમાજી,
શાન્તિ શિતળ હીમ સમી નામ જપું હુ ગાજી જગત અંબા.
મંગળે આનંદ મંગળ ગીત તુજ ગાઉ,
ગગને ગુણો ગાજી રહ્યા દર્શને માજી આવુ. જગત અંબા.
બુધે બુદ્ધારૂપ ધરો, સાંજની વેળાએ;
શાન્તિ દા છો આપ માજી, કળા ન કળાએ જગત અંબા.

ગુરુવારે ગુરૂ રૂપે ધોને, બોધ સારો;
માજી તમ વિણુ ન મારે, ઉગરવાનો આરો. જગત અંબા.
શુક્રવારે શુક્ર સમા, ઓપતા બિરાજો;
વિનતી સુણી મ્હારે ધાઓ, સુધારી કાજો. જગત અંબા
શનિવારે શાન્ત ચિત્તે, શોભતા સવારે;
અર્ચન કરૂ આપનુ મા, અનેક પ્રકારે. જગત અંબા.
શ્રાવણુ માસે શ્રવણુ કરે, બાળ આ તિહારો;
દર્શન દેવા તેડી માજી, હર્ષને વધારો. જગત અંબા.
ભુલચુક માફી બક્ષો, રહેમ નજર આપી
શાન્તિ દેજો સર્વને મા, હૃદયકમળે સ્થાપી. જગત અંબા
વૈશાખે મા ભાવ ધરી, ભજવીયું ભજન;
શુકલપક્ષ સપ્તમી છે, શુક્રવાર દન જગત અંબા
દાસ ગુણુ ગાય, ગણી ગણુના ન થાયે,
શક્તિ દેજ્યો સર્વને મા, જગતની મંમાયે. જગત અંબા.
આમલી ફળ માહી, રહે કઠિન બીજ જેહ, कत्तुको
શેઠના વાણોતરને, ઉપમા આપે તેહ જગત૦ मुनिम
અધિકારી વર્ગનુ પોઝીશન છે જેમા; सलाम.
શસ્ત્રથી અધિક માર, સાલેશર શેમાં. જગત૦ कलम
મધ્ય વરણુ અર્થમાંહી, નામ ગુપ્ત જાણો,
દાસ દીન અંબિકાનો, પંડિત પ્રમાણો જગત અંબા

રાગ-ભેરવી લય.

છો અંબા દીન દયાળી, કરો "મ્હેર" તમે મતબાળી;
તું તો ગબ્બર ગઢવાળી, દાસોને લ્યો સંભાળી.

ચુસ્તજનો પણ નિર્મળ થાએ, નિશદિન તુજને ભાળી,
લાલચ અબા નામ તણી લહે લક્ષે છો બિરદાળી—છો૦

સાખી.

દાવો છે તુજ નામનો, મોટી તારી આશ,
દમન કરૂ આ દેહનું રદયે રાખો વાસ;
દાખુ આનદ પ્રેમથી સર્વ પ્રેમી સગાથ,
આદ્યાક્ષર લળીને નમે શાન્તિ દ્યો ગઢનાથ છો અબા૦
શ્રાવણ કૃષ્ણ ચતુર્દશી, ઉત્તમ છે ભૃગુવાર,
શશીખડ મુનિ શૂન્યનો, સવત્સર શુભસાર;
નટપુર મડળ પ્રેમથી આવે તોરી પાસ,
ઉમગ અર્પો અતિ ઘણો અતર કરો ઉજાસ છો અબા૦
સન્મુખ શભુ તાત છે, પડખે છે ગણનાથ.
પાસે કળોધર વાવડી, બટુકજીની સાથ,
અજતનયા અજાવડી, મમાયાની બહેન,
માનસરોવર ત્રટપરે, કુટુબથી પડે ચેન છો અબા૦
ત્રણ ગાઉ પર શિવ છે કોટેશ્વર કૈલાસ.
સરસ્વતીના સ્થાનપર દુધાધારીનો વાસ.
ગબ્બર ગઢ ચઢવા તણુ, તલસે મારૂ મન,
માજી સન્મુખ ગઢ છે જબર થયુ મુજ તન છો અંબા૦

રાગ માઢ—મ્હારે મંદિરે પધારો જોગીરાજ મહારાજ.

આઈ અબિકાજી ગરીબ નિવાજ, મોરી માત આનદે રમુ તુજ ગોદમા.
શાણી રાણી ગબ્બર ગઢ છે તું શિરતાજ, આનંદે૦

સાખી-દોહરો.

ગબ્બર ગઢ રળિયામણો, વસીયાં માજી આપ,
આરાસુર વાસો વસ્યા, રાખી પૂર્ણ પ્રતાપ,
તારો ભકત તણાં કરી પૂર્ણ કાજ મોરી માત આન દે૦

સાખી.

કામી ક્રોધી લોભી હુ, નિર્ધન નિર્બળ કાય,
મતિહીણુ બાળક તાહરો, મ્હેર કરો મ'માય,
કાપી દુષ્ટતાને શુદ્ધ મતિ દ્યોને મહારાજ આન દે૦
તુજ બાળક જાણી, બહુ પ્રીત આણી, અમૃતવાણી;
દેઈ સુધારો માત—આઈ અ'બિકાજી૦

હરિગીત સાખી

દુષ્ટ દાનવને હણ્યા, લેઇ ખડગ ત્રિશૂળ હાથમા,
ચ ડ મુડને રોળીઆ, દેવોને રાખી સાથમા
ધુમ્રલોચન ક્રોધ મૂર્તિ, મહિષ મર્દન માટ આ;
બની કાળ કરાળ રૂપે, ભકતની પ્રતિપાળ મા,
કીધા સુર તણા કાર્ય અનિવાર્ય મોરી માત આન દે૦
તેવી રીતથી માજી, થઇને રાજી, જપુ હુ ગાજી
દર્શન દ્યો સાક્ષાત—આઈ અ'બિકાજી,
ધરી વ્હાલ વદે લાલ કરો ન્યાલ મોરી માત આન દે૦

રાગ-માઢ શામળીયાજી કરજો મારી સ્હાય.

અ બિકા માજી કરજો મ્હારી સ્હાયરે,
આઇ વાઘેશ્વરી મા વાઘે ચઢી વ્હારે આવજોરે;

'ત્રિપુરા બાળા બહુચર બાળી માયરે,
આઇ મરઘે ચઢીને વ્હેલાં આવજોરે;
બિરદાળી મા બિરદ પાળો-વ્હારે ધાઈ સંકટ ટાળો,
કૃપાળી મા દાસ સભાળો-દયાળી ના કરો નિરાળો;
રાખી લાજ ગરીબ નિવાજ દાસ નિભાવજ્યોરે-આઇ૦

સાખી.

વ્હારે ધાયા વિમળની, રૂક્ષ્મણીની કીધી વ્હાર;
વેવારીઆના વહાણને, તાર્યા કરી ઉપકાર
શાન્તિ આપી સુરને, અસુર કરી સંહાર;
અજ વિષ્ણુ ને રૂદ્રમા, વિનવે અનેક પ્રકાર
સુણી દાદ ને ફરીઆદ, માજી નિભાવજ્યોરે-આઇ૦
વિમળને રાજ્ય આપ્યુ, કષ્ટ દારિદ્રનું કાપ્યુ,
શાન્તિનું સદન સ્થાપ્યુ, પણ માજી નામ ન જાપ્યુ
કીધો ક્રોધ દેઇ પ્રબોધ, વાણી સુણાવજ્યોરે-આઇ૦
શાન્તિ દેજ્યો સર્વને મા, વિમળ વાણી સુણી આ;
ભક્તિ રસ ભાવથી પા, વિસારૂ કદિએ હું ના.
અચળ વ્હાલ ધરે લાલ, પ્રેમ વધારજ્યોરે-આઇ૦
છોગાળી છે વાત છેલ્લી, નથી કોઇ મ્હારૂ બેલી;
માજી તમ ગુણની હેલી, નવ જાઉ તમને મેલી
રાખી લાજ, ગરીબ નિવાજ, કાર્ય સુધારજ્યોરે-આઇ૦
ચુમુ તમ પાય હું પાખી, નિરંતર હૃદયે રાખી;
લાજ રાખો દાસને દાખી, લક્ષ ધોને અવગુણ સાખી
પંડિત ખાસ નટપુર વાસ, શ્રવણે લાવજ્યોરે-આઇ૦

રાગ ભૈરવી-અની હાં-રે છબી પ્યારી લાગે સારીરે બલીહારી મોહન વરની.

અની હાં-રે જુગતબા, કરો કર લંબારે આવુ ચાચર ચોકમ
રમવા, જુગતંબા
દિન દયાળી મા મતબાળી, રક્ષા કરો મમ હે ગઢવાળી
દાસ લે તાળી કૃપાળીરે— આવું૦
આધિ વ્યાધિ અને ઉપાધિ, અબાધિત રાખો જીંદગી બાધી
નામ લહુ મન સાધીરે— આવું૦
મહિષ મર્દિની, અસુર ગર્દની, ટાળક માજી ભવાબ્ધિ બધર્ન
દુષ્ટના ટાળક ફંદની— આવુ૦
શંખ ચક્ર શુલાકુશ પાણી, શકિત શયને મધુર વાણી
પંકજ નયની જાણીરે— આવું૦
ભકત વત્સલી હે મમમાતા, યજન કરે વિરંચીને વિધાત
અજસુત ગુણલા ગાતારે — આવુ૦
દુખો વિદારણી, ભવજળ તારણી, ભીડ ભજનમા ત્રિશુળ ધાર
અસુરજનની હારણી— આવુ૦
નટપુર ભકતની વ્હારે ધાઓ, ફરી ફરી માજી દર્શને લાવે
અવસર શુભ ધ્યાને આવોરે— આવું૦
નમ્ર વિનતી દાસની જાણી, કષ્ટ હરો ધરી ત્રિશુળ પાણ
ધ્યાને મા અમૃત વાણીરે— આવું૦
શાન્તિ દેજયો હે જગરાય, અકળ કળા હુંથી ન કળા
આપ વડે લાલ મા પળાયરે— આવું૦

બાર માસનો ગરબો.

રાગ-રૂડી રઢીઆળી રાત.

રૂડો રઢીઆળો દિન (૨) આવોને ભકતો ચાચર ચોકમા,
શ્રાવણ શંધનો સદિન (૨) આવોને ભકતો ચાચર ચોકમા;
વાધ્યો આનંદ અતિ મનમા,લાગી તાલાવેલી તનમા-ચાચર ચોકમા

શાન્તિદા મૂર્ત્તિ ખડી, ધરીને ઉત્તમ વસ્ત્ર,
આભુષણ અંગે ધર્યા, અનેક ધરીઆ શસ્ત્ર,
આદ્યશક્તિ માજી અંબાને નિર્ખી,શાન્તિ સકળ સ્થળે અમૃત વર્ષી;
આનંદથી રહ્યા હરખી-મા અંબાને નિર્ખી- રૂડો૦

કાર્તિક કાત્યાયની કરો, કાર્ય કુશળ કલ્યાણ,
માગશીર માસે માતજી, મહા લક્ષ્મીજી પ્રમાણ.
પૌષે પુર્ણા પુર્ણ પ્રાણ પ્રસરાવોરે, **માઘે** ચઢીને વાઘે હર્ષ ધરાવોરે,
ફાલ્ગુન માસે ફાગ ગાય જન ટોળેરે, **ચૈત્રે** ચારિત્ર ગાઈ બેસે
તમ ખોળેરે રૂડો૦

વૈશાખે વૈરાટ રૂપ મા, ધરીયુ જગ જાહેર,
જેષ્ટે શ્રેષ્ટ બનીને મા, ભકત પરે કરી મહેર
અષાઢે હેલી થઈ માત કરી, મન ઉછળે દર્શને અંબા લહેરી;
અવર્ણ્ય શોભા ભલેરી, રાત્રી દિસે મા રૂપેરી- રૂડો૦

શ્રાવણે શ્રવે મા શત ઘણુ, મુજ મન અતિ અકળાય;
દૃષ્ટે દીઠાં માતજી, (તવ) શાન્તિથી સુખ થાય
ભાદરવે ભરપુર ભરોસો ભારીરે, ચાચર રમવાથી થઈ હવે
સુખાકારીરે,

अश्विने અશ્વ ચઢી મહારાણુા પધારેરે, નવરાત્રી કેરા દિને
હર્ષ વધારેરે; રૂડો૦

નટપુર નર નમે નામને, મોટી મોરી માત;
ભકતો ભજવે ભાવથી, ભવાઇ ભજન ભલી ભાત.
શાન્તિ દીઓ માજી સર્વે સ્થળમાં, આનંદ ઉદધિ ઉભર્યો આ પળમાં;
કુબુદ્ધિ નવ રહે ખળમા, ભસ્મ થાએ મા [1]અનળમા રૂડો૦

માસ પુર્ણ કીધા માતજી, તમ તણી મહેરથી આજ,
લાલપે વ્હાલ વધારીને, સફળ કરો સૌ કાજ. રૂડો૦

સાત વારનો ગરબો.

રાગ—તમે અજાણ્યા અમે જાણીએરે

આઈ અંબિકા મા અલબેલડીરે, માજી તમે છો અમૃત વેલડીરે,
દાસ જાણી રાખો તમ પાસ, અલબેલી આશરો મુને તાહરોરે
રવિવારે રણે માજી ચાલતારે, મહિષમર્દવા મોજે મ્હાલતારે,
રક્તવર્ણ ક્રોધે કીધુ ગાત્રે અલબેલી૦
સોમવારે સામા આવી માતજીરે, ભક્ત દર્શનની જાણી વાતજીરે;
દેઇ દર્શન લાભ અપાર. અલબેલી૦
મંગળવારે મંગળ રૂપ આપનુ રે, કષ્ટ હારણ તારણ પાપનુ રે;
જોઇ આનંદ તણો ભંડાર અલબેલી૦
બુધવારે બુડે વહાણ શેઠનારે, તાર્યા કરી કૃપા સાગર હેઠનારે;
થયુ ત્રિશુળ વક્રમા કરનુ. અલબેલી૦

---

[1] અગ્નિ

ગુરૂવારે ગુણો ગાઉ ગાનથીરે, દુષ્ટો હણુવા અસી કાઢો મ્યાનથીરે;
સુર જનનાં પ્રસન્ન કર્યા મન. અલબેલી૦
શનિવાર શાન્ત ચિત્ત માહ્યરૂ રે, દર્શન કીધુ મે અંબિકા તાહ્યરૂં રે;
કરી દર્શન થયો હુ પ્રસન્ન અલબેલી૦
વાર ગાયા મે અંબિકા ભાવથીરે, મારે તરવાનુ અંબા નાવથીરે;
તારી ભકત ઉતારો ભવ પાર અલબેલી૦
ચુનિલાલ દામોદર તાહ્યરોરે, કર ગ્રહો હવે માજી માહ્યરોરે;
પંડ્યા પંડયે શ્રવે અંબિકાને. અલબેલી૦
ભુલચુક જો હોય કાંઇ માહ્યરીરે, મેંતો બાહ્ય ઝાલી માજી તાહ્યરીરે;
ક્ષમા બક્ષો જાણી બાળ આપ અલબેલી૦
ગીત ગાય શીખેને સાંભળેરે, તેને લક્ષ વશા લક્ષ્મી મળેરે;
માજી અંબિકા પુરશે આશ. અલબેલી૦

રાગ આશાવરી. (આશા) આ કયાંથી સંભળાય.

આરાસુરી અંબાય, જગત માતા આરાસુરી અંબાય જગત૦
દાસ તુંથી મા પળાય જગત૦
વિશ્વ વિરંચી અને વિધાતા, નામ જપી તુજ ગુણલા ગાતા;
ભક્તિથી સુખીઆ થાય જગત૦
સુરનર મુનિવર ધ્યાન ધરતા, યજન ભજન દિન નિશ કરંતા,
સમિર શિતળ મંદ વાય જગત૦
યસોદા માજીએ પુજન કરીને, શિરેથી વાળ ઉતાર્યા હરિને;
કૃષ્ણ અંબા ગુણ ગાય. જગત૦
શ્રાવણ માસે મા તલસે મન, આવવા આઈ તણા સુસદન;
દર્શનથી દુ:ખ જાય જગત૦

કૃષ્ણપક્ષ ચતુર્દશી દિન, ઓગણીસ ઇકોતેર સદીને;
આવીઆ ચાચર માય. જગત૦

અમાસ દિને ભાવે ભજવતા, ભવાઈના ભકતો સ્વાગને સજતા;
આદ્યમા ગજાનન થાય. જગત૦

શ્રાવણ તણો આદ્ય શંઘ ગણાયે, નાગર ષડ પ્રતિવર્ષે જણાયે;
પ્રેમથી પુજન કરાય. જગત૦

અન્ય બ્રહ્મ ભકતો ભાવને ધરતા, નટપુર બ્રહ્મ પૂર્ણ સહાય કરતા;
પેટલાદ જનની સહાય. જગત૦

ત્રંબાવટીના ત્રિપુરા ભકત, રાજનગર જનો છે સશક્ત શકત;
મઌયેથી આનંદ સદાય. જગત૦

વિરક્ષેત્રના વડનગરા સહુ, અન્ય ભકતજન આવે પારે બહુ,
મંગળ દિન ઉજવાય. જગત૦

સર્વ ભકતોને શાન્તિ આપો, કષ્ટ કલેશ ત્રિવિધીના કાપો;
નામે સ્વર્ગે જવાય જગત૦.

ચુનિલાલ મન વ્હાલને આણી, વદે વિમળ વિનતિની વાણી;
સ્વીકારો મુજ મ માય. જંગત૦

તારીખ ત્રેવીસે ગાયું માતા, જુન માસમા ગુણ તુજ ગાતા,
સાલ સદીની પ દર જાય. જગત૦

ગરબો—બ્રહ્મનાદને મળતો.

અલબેલી અંબા આજે રૂડા ગોખમા બિરાજે, રાજે રાજેશ્વરી રગમા;
આનંદનો દિન આજે, શુભ કરવાને કાજે, શ ઘ આવ્યો ચાચ-
રમાં ઉમંગમા

આવ્યા ચાચર પ્રિતથી, માજી સન્મુખ આજ;
ઝાંખી કરી માજી તણી, સફળ થયાં સૌ કાજ.
શાન્તિ સકળ સ્થળે માજીને નિર્ખી, જ્યોતો ઝગે માજી
સૂર્યોના સરખી.
વાયુ વાયો શીત હરખી, મા અંબાને નિરખી અલબેલી૦
ઉત્તમ વસ્ત્રો ધારીયાં, શોભા અપરંપાર;
આભુષણ અંગે ધર્યા, સજીયા સોળ શણગાર,
કર શાન્તિ અંબા માત, મૌ સેવક જનને,
ઉમંગે ભજીએ માત, બિરદાળી તમને;
જયમ વહેવારીઆની વ્હારે ધાયા મા અંબા,
તેમ દાસ જનોને સહાય કરો કર કરી લંબા. અલબેલી૦
શુભ શ્રાવણે શંઘ બ્રાહ્મણે, ભરાઇને મા આવીઓ,
આનંદ અનુપમ અવનિ ઉપર, માજી દર્શને લાવીઓ
સુખ્ શાન્તિ સારો સર્વને, ટળી ગર્વ નિર્મળ મન કરો,
એવી મા ઇચ્છા દાસની, સુત સતતી અભરે ભરો;
આરાસુરે અંબિકાજી બિરાજે, પાવેગઢે મહાકાળી મા છાજે,
ચુવાળે બહુચર રાજે, અબે આઈ બિરાજે
દક્ષિણમા તુળજા માજી સાથે, ભવાની મા બિરાજ્યા સંગાથે,
બ્રહ્માણી નટપુરે ગાજે, ભવાની મા બિરાજ્યા સંગાથે અલબેલી૦
ચુવાળ ચોકે ચાલતાં, નિજ સેવકને કાજ,
લાજ વધારી ભક્તની, લક્ષ વશા તેં આજ
પંચદેવ રક્ષા કરો ગણી તમ દાસરે,
આરાસુર વાળી માત રાખો તમ પાસરે,

पंडित ભકતની ભીડ ભાગો ભય કાપીરે,
अक्षय વર અર્પો આઇ દાસમાં સ્થાપીરે અલબેલી૦

પંદર તિથિનો ગરબો.

રાગ–શું કહુ કથની મ્હારી રાજ.

પ્રાણેશ્વરી પ્રાણદાતા માત, આરાસુર પટરાણી,
અમૃત વાણીની દાવા માત, અખિલ વિશ્વે વખાણી પ્રાણેશ્વરી૦
प्रतिपदे પ્રતિપાળ માતજી, દ્યો શાન્તિ દીન જાણી;
बीजे બળવંતી મા અંબાજી, ધાર્યા ત્રિશુળ પાણી માત આરાસુર૦
त्रीजे ત્રિપુરા તારણ ત્રાતા, છો મા જગવિખ્યાતા;
चोथे ચુંવાળે રમવાને, વ્યાઘ્રે ચઢીને જાતા માત. આરાસુર૦
पांचमे પાવન કર ભકતોને, દેઇ દર્શન તું દયાળી;
छट्ठे છત્ર ધરો શિરપરે, દાક્ષાયણિ મા કૃપાળી માત આરાસુર૦
सातमे શિતળ શાન્તિ અર્પો, ચંદ્રસમી તમે માજી.
आठमे અષ્ટ વસુગુણ ગાયે, ભિષ્મ અને ગંગાજી માત આરાસુર૦
नवमीए નવકુળ નાગ પધારી, સેવે નવનિધિ માને,
दशमीना દિને રાવણ રોળ્યો, રામે સીતા લેવાને માત આરાસુર૦
एकादशी એકાદશ રૂદ્રો સ્તવે માજીને ભાવે,
बारशे બાળી બહુચરી માતા, મરઘે ચઢીને આવે માત આરાસુર૦
तेरशे તુળજા ભવાની સાથે, પધારે પ્રેમે મળવા;
चौदशे ચોદશ આનંદ વ્યાપ્યો, ગાવા ગરબે ભળવા માત આરાસુર૦
पुर्णिमानो દિન અનોપમ, શંખ ભલેરો ભરાયે;
अमास દિને માજી સન્મુખ, ભાવે ભવાઇ ભજવાયેમાત. આરાસુર૦

પૂર્ણ કીધી પંદર તિથિ માજી, અમાસના દિન સાથે,
ભુલ ચુકની માફી બક્ષો, જાણી બાળ અનાથે માત. આરાસુર૦
ચુક હોય જો માજી મુજમાં, નિજ બાળકને જાણી;
લાજ રાખશો લક્ષ્મી દેવી, લક્ષથી હે ગઢરાણી માત. આરાસુર૦
પંચદેવીની સહાય હું માગુ, કાર્ય સુધારો કરવા;
પંડિત પંડયે ધ્યાન ધરે છે, ભવસાગરથી તરવા માત આરાસુર૦
નટપુર નરની નમ્ર વિનંતી, ઉમયા ઉરમા ધરજયો;
શાન્તિ દેજયો સર્વેસ્થળમા, પૂર્ણ વાસના કરજયો માત. આરાસુર૦

ગરબો સંકટનો.

આઈ અંબિકા માઇ, સ્હાય કરો મ્હારે ધાઈ;
સંકષ્ટમા ભરાઇ, દાસ કરગરે
છો ભકત વત્સલ આપ, ટાળો ત્રિવિધિના તાપ;
જપે દાસ જનો જાપ, આપ શ્રીપરે—આઇ૦

હરિગીત સાખી.

દુ:ખમા દિલાસો તાહ્યરો, ગણુ માત અંબા માવડી,
પ્રેમેથી પુજુ આપ પારો, શિષ નામુ પાવડી.
પાવડી પ્રત્યક્ષ પુજી, પ્રમથી પાવન થવા;
દળદર દાસ તણા દળાયા, પાપ પ્રજળ્યા અવનવા.
બુદ્ધિ બાધી નકારી, જેથી થઈ ગઈ સારી,
પ્રેમે અંબિકા પોકારી, દાસ કરગરે.
વ્હાલુ અંબિકાનુ નામ, આરાસુર માહી ઠામ,
જાપે જગ તે તમામ જાપ શ્રીપરે-આઇ૦

વિમળની વ્હારે થયાં, જવ આપી ગાય ચરામણી;
વેવારીઆની વ્હારે ધાવા, (કરી) સાગરે પધરામણી.
વક્ર ત્રિશુળ ફળ થયું, તવ વહાણ સાગર તરી ગયું
અર્પણ કીધું શેઠજીએ, નાવ માને સોંપીયું.
કીધી કૃપા કૃપાળી, મહામાયા મહાકાળી;
બિરદ સાચુ બિરદાળી દાસ કરગરે
તેવી રીતે યાચે દાસ, સદા સાખો તમ પાસ;
મને પૂર્ણ વિશ્વાસ આપ શ્રીપરે–આઈ૦
ધર દયા દાસ પરે સદા, ભકતો તનય સમ જાણીને,
દ્યો વિમળ વાણી વ્હાલથી, વિમળા વમળથી તાણીને
તાણીયે। ભુજ યુગ્મથી, કિનારે લાવ્યા ભવ તણા;
ઉદ્ધાર કરવા બાળનો, શ્રમ લીધો માજી નહિ મણા
આવ્યો શ્રાવણ તન, કરે માતનુ ભજન,
ગાઈ ભાવથી ભજન, દાસ કરગરે
ચુનિલાલ દાસ ત્હારો, તાર્યા તેમ બાળ તારો,
ભરોંસો છે માજી મ્હારો, આપ શ્રીપરે–આઈ૦

અરજ.

અરજ સુણો મ્હારી (૨) અ બે અરજ સુણો મ્હારી
કામી ક્રોધી પાપી ઘણો મા, દુષ્ટ દુરાચારી (૨) અ બે૦
પાપી તે પાવન તમ થકી થાયે, ભોગવુ લાચારી (૨) અ બે૦
જેવો તેવો પણ બાળ હુ ત્હારો, તારોને ભવ વારી (૨) અંબે૦
શાન્તિ કરો માજી દાસની ઉપર, અમી દૃષ્ટિ ધારી (૨) અંબે૦

મંત્ર જંત્ર વેદ વિધાન જાણું, મા નામ ગુણકારી (૨) અંબે૦
ઘહેલો થયો હું દર્શન પાખી, બુદ્ધિ હઠી મ્હારી (૨) અંબે૦
દર્શન દ્યો સદ્ય દાસને જાણી, થઇને મા ઉપકારી (૨) અંબે૦
ભુલ ચુકની ક્ષમા કરોને, નામની બલિહારી (૨) અંબે૦
ઉપકારો તમે સુરોને કીધા, અસુર સંહારી (૨) અંબે૦
તેવી રીતે માજી સ્હાય કરીને, દાસ લ્યો ઉગારી (૨) અંબે૦
ચુનિલાલ તુજ બાળ ગણીને, અરજી લ્યો સ્વીકારી (૨) અંબે૦
સર્વ દેવોની સહાય હુ માગું, નમુ વારંવારી (૨) અંબે૦

ગરબો.

આવો ભક્ત મંડળ આજ, અંબા દર્શનને કાજ,
આજ સોનાનો સૂર્ય ઉદય પામ્યો *સજ્જન આજ સોનાનો૦
કર્યું પ્રેમથી દર્શન, માજીનું કરી ભજન, પુજન પાવડી
કરેથી આનંદ જામ્યો સજ્જન પુજન પાવડી
ઉત્તમ શ્રાવણ માસનો, ઉત્તમ શુભ દિન આજ,
ઉત્તમ જન શઘે મળ્યા, ઉત્તમ દર્શન કાજ,
કાલાવાલા કરીને રીઝવશુ, આનદ વારી પ્રીતેથી ભરીશુ આવો૦
શ્રાવણ કૃષ્ણ ચતુર્દશી, દિને શઘ ભરાય,
વિપ્રો આવે વ્હાલથી, દર્શને મન ઉભરાય,
મળે વિયોગી પ્રેમીઓ સાથમા;
મળે મન માંહી, મન ગઢ નાથમા આવો૦

---

* સ્ત્રીઓ ગાય ત્યારે સજ્જનને બદલે સાહેલી શબ્દ બોલવો.

કીધાં દર્શન પ્રેમથી, માજી મુખ શોભાય;
પુજન કરવા પ્રિતડી, અધિક અધીરી થાય;
કયારે પુજન કરૂં હું માજી આપનું,
કષ્ટ હારણુ તારણુ ઑદ્ધારણુ પાપનુ આવો૦

કરીયું પુજન હર્ષથી, પુજાપો લઇ હાથ;
પાવન થયો મા પાદથી, પ્રજળ્યાં પાપ તે સાથ;
નખ શિર્ષ સુધી માજીને નિહાળીને;
ખુબી દેખી પેખી આજની નિરાળીને આવો૦

અષ્ટ ભુજાની અંબિકા, નવખંડ ત્હારો વાસ,
નટપુર ભકતો આવીઆ, બિરદાળી તુજ પાસ,
કરો સ્હાય અષ્ટ ભુજથકી અંબિકા;
પડે પાય મુજ માય જગદંબિકા. આવો૦

આરાસુરના અંબિકા, પાવે કાળી-કાય,
તુળજા ભવાની દક્ષિણે, ચુંવાળે બહુચર માય;
હીંગળાજ ખોડીઆર ખડખડતા;
વારાહીને તોતળાજી બડબડતા આવો૦

બ્રહ્માણી મુજ માવડી, વસીયા નટપુર ગામ,
તાબા પાત્રે પુજતા, ભકતો આપ તમામ,
કાળી રૂદ્ર નેત્રે કલકત્તે રાજતાં;
ભદ્રકાળી રાજનગરમા બિરાજતા. આવો૦

આશાપુરી બે બેનડી, પૂર્ણ કરો જન કાજ,
ઉમીયા માજી ઉમંગથી, સુધારો સૌ સાજ;

ચુનિલાલ ધરી વ્હાલ ગાય પ્રેમથી,
માજી અંબિકાના દર્શનના નેમથી. આવો૦

અષાડ સુદી ચોથનો, ભૃગુ તણો ગુરૂવાર,
૧ ૯ ૭ ૧
શશિ ખંડ મુનિ ભૂમિનો, સંવત્સર શુભ સાર,
ગાયું ગાન થકી ગીત અંબા માતનું,
લક્ષ રાખ્યુ નહિ કોઇ અન્ય વાતનુ આવો૦

ગરબો.

આવોને ભક્ત સહુ સાથમારે લોલ, ગરબો ગાવાને ચાચર ચોક-
સમીપ ગોખ ભલા ભાવથીરે લોલ, સર્વ ભક્ત મંડળ વ્હેલા
આવજ્યોરે લોલ૦

અંબા સમીપ આવો હર્ષથીરે લોલ, લાભ લેવા દર્શ તણો આજ,
શુભ કાજનોરે લોલ સર્વ ભક્ત૦

શાન્તિદા છે મુરતિ શોહામણીરે લોલ, દર્શને આનદી અપાર;
લાગે પ્યારમારે લોલ. સર્વ ભક્ત૦

કાલા ઘહેલા બાળતણા માત છેરે લોલ, રમાડોને બાળ ધરી
વ્હાલ, સાહી લાલનેરે લોલ સર્વ ભકત૦

ભ્રષ્ટ મતિ કષ્ટ વિદારણીરે લોલ, શાન્તતાથી દેજ્યો બોધ સાર;
વિમળ પ્યારથીરે લોલ સર્વ ભક્ત૦

ધરી ખડગ ખપ્પર હાથમારે લોલ, રોળ્યો મહિષ કરી કચ્ચર
ઘાણુ ભક્ત પ્રાણ છોરે લોલ. સર્વ ભક્ત૦

કામી ક્રોધી લોભી પુત્ર તાહરોરે લોલ, ધરી દીનપરે દયા માત
સાક્ષાત છોરે લોલ સર્વ ભક્ત૦

ભુલ ચુક માફી બક્ષો માતજીરે લોલ, આણો અતિ વાત્સલ્ય પ્રેમ;
રાખી રહેમથીરે લોલ સર્વ ભક્ત૦
ભક્ત તણાં કાર્ય કીધાં ભાવથીરે લોલ, તેમ રાખો રહેમ મા
સદાય પડું પાય હુ રે લોલ સર્વ ભક્ત૦
ચુનિલાલ ગાય ગુણ ભાવથીરે લોલ, દેજ્યો સુખ ભકતોને સદાય
કરી સ્હાયતારે લોલ સર્વ ભકત૦
નટપુર વિપ્રની વિનતી રે લોલ, ધરીને દયાળી તમે ધ્યાન
વાળી વાનનેરે લોલ. સર્વ ભકત૦
શાન્તિ આપો સર્વ જન સાથમાંરે લોલ, ગાય ગાન ભકત
તમ સદાય સુખી થાય છે રે લોલ સર્વ ભકત૦
સાચી પ્રીત મને અંબા આપનીરે લોલ, ચુંબક સમ ચોંટયું
મન ચર્ણ થઇ શર્ણનેરે લોલ. સર્વ ભકત૦
આરાસુરી માત અલબેલડીરે લોલ, વ્હારે ધાવો દોડો માજી;
સદ ગાવુ પદ આ રે લોલ સર્વ ભકત૦

ગરબો.

આવો આવો સાહેલી આજ, આવો ચાચરમા ઉમગથી;
ગાવો ગાવો ગણીને તાલ, અંબાનુ ગીત સૌ ઉમંગથી,
ચિંતાને ટાળવી, પ્રીતિને પાળવી, કુબુદ્ધિ ટાળવી નેમથી. આવો.

ગરબો ચાચર ચોકમા, માજી સન્મુખ આજ;
આજીજી કરી આપણે, વિનવો સૌ સુખ કાજ;
કષ્ટને કાપીને, સુખને આપીને, શાન્તિને સ્થાપીને રહેમથી. આવો.

સુંદર શી શોભા બની, આજનો ઉજ્વલ દન;
વાત્સલ્ય પ્રેમ પ્રકાશતો, માજી તણા સુવદન;
શાન્તિદા, મુરતિ, શોભિત સુરતિ, નાસે કામ રતિ પ્રેમથી. આવો.
શંધ રહ્યા શ્રાવણુ તણો, તે દિન આનદ ધામ,
માજી પર પ્રીતિ ઘણી, રાખે ભક્ત તમામ,
પ્રભુતા પાળીને, દુ:ખડા ટાળીને, કામ બાળી, રાખો ક્ષેમથી. આ
નાકે વાળી ઓપતી, કાને કળાફુલ સાથ,
ઘુગરી ચર્ણે રણઝણે, બાજુબધ બેઉ હાથ;
લાલ ચુનિ વાળી, બગડી રૂપાળી, જડી કૃપાળી મા હેમથી આવો.
૨ ૧

રાગ રૂચીકર.

વિશ્વેશ્વરી વિશ્વાભરી માતા, સકળ વિશ્વ તુજ ગુણુ ગણી ગાતા વિ
વર્ણવે વેદ વિરચી વિધાતા, સુર સનકાદિ અભય વર પાતા વિ
આદ્ય શક્તિ મા અબા ભવાની, દ્યો દાસોને અમૃત વાણી,
મન કર્મ વાણીથી તુજને પિછાની, સ્હાય કરો રાખીને સુખ શાતા
ભાવટ ભાગો ભાવી ભગતની, ઇશ્વરી ઇચ્છા પુરો જગતની;
ભ્રાન્તિ ભેદ ભવિષ્યના ભેદો, જ્ઞાનેશ્વરી જ્ઞાની છો જ્ઞાતા. વિ
ચુનિલાલ તુજ પ્રેમ પિછાણી, ચાચરે આવ્યો મા મુજ જાણી,
ચર્ણને ચોંપે વ્હાલને આણી, વાત્સલ્ય પ્રેમ મને દ્યો માતા. વિ

રાગ દીંડી.

આઈ અકળ વિશ્વતણી મુળમાયા, માજી તમે છો ત્રિગુણાત્મક જાયા,
આદ્ય ભવાની મા દ્યોને છત્ર છાયા. આઈ૦

સગુણ બ્રહ્મ તનયા વિશ્વ વંધમાતા,
વદી વાણી વિમળ ભક્ત ગુણલા ગાતા,
અખિલ વિશ્વમાંહી વ્યાપી સુખશાતા. આઈ૦
શાન્તિદાતા સુરજનતણી વિધાતા,
ચંડમુંડ ચોળી અંબા અમૃત પાતા;
ભય ટાળ્યો અસુર ફંદનો હે ત્રાતા. આઈ૦
શુદ્ધ ચિત્તથી ભજે મા દાસ તા'રો,
કાર્ય સફળ કરી ભવાબ્ધિથી તારો;
ઝગઝગતી જ્યોત જાગતીનો પારો. આઈ
કરો શાન્તિ ધરી કૃપા તમે શાણી,
ભજુ અંબિકાજી આરાસુરની રાણી,
કષ્ટ હારી ત્રિપુરારિ ત્રિશુળ પાણી. આઈ૦
શાધ આવીઓ ઉજવળ દિન આજે,
ભક્ત ઉર્મી ઉછળે માજી દર્શન કાજે;
થાય સુખ દેખી મુખ ગોખે છાજે. આઈ૦
વેદવાણી વિમળ વારાહિની ભાખે,
ભક્ત ભજન ભણી ચાહી અમૃત ચાખે;
ચુનિલાલ તમ બાળ ગુણ દાખે આઈ૦

ગરબો.

રાગ—સદ્‌ગુણ વિણ સજની (સુંદર શામળીયાનો)

ગબ્બર ગઢવાળી, અંબા સકળ સ્વરૂપે;
બાળી બિરદાળી, નમે તમોને ભૂપે— ગબ્બર૦

આસપાસ આરાસુર ભાળું, અંદરની રચના હું નિહાળું;
મધ્યે દેવી દયાળુ— ગબ્બર૦
બહાર વાવડી શોભે સારી, વાડી મનોહર લાગે પ્યારી;
પુષ્પ સોહે ત્યાં હજારી— ગબ્બર૦
કરણ કેવડા કેતકી સોહે, મા'ને ચઢાવવા મુજ મન મોહે;
માને નહિ મન તોહ્યે— ગબ્બર૦
હારે ગુલાબ લટકે જ્યારે, હાર ચઢાવું મા'ને ત્યારે;
મન માને તે વારે— ગબ્બર૦
કુદરતની રચના શી યાંહી, માજી રક્ષક હોયે જ્યાંહી;
ખામી નવ રહે ક્યાહી— ગબ્બર૦
સુશોભિત મુખ ચંદ્ર પ્રકાશે, દેખી ચોર ચુગલીઆ ત્રાસે;
ભક્તોની પુરે આશે— ગબ્બર૦
ખડગ ખપ્પર ત્રિશુળને ધારી, અવર્ણ્ય શોભા પર જાઉં વારી;
દાસને લેજ્યો ઉગારી— ગબ્બર૦
શાન્તિ દેજ્યો હે ગઢરાયે, પડું હું માતજી આપને પાયે;
બાળ ચુનિલાલ ગાયે— ગબ્બર૦

સમાપ્ત

અગાઉથી વધુ રકમ આપી ઉત્તેજન આપનારનાં મુબારક નામોનું લીસ્ટ.

રા. રા. ડાહ્યાભાઇ રામચંદ્ર મ્હેતા મેનેજર ભારતજીવન અને સસ્તી વાર્તામાળા મુબાઇ અને અમદાવાદ.

„ મગનલાલ દામોદરદાસ પંડ્યા નડિઆદ.

„ કેશવલાલ જીવણલાલ દેસાઈ ડેપ્યુટી સ્ટેશન માસ્તર નડિઆદ.

„ વૈદ્યરાજ રણછોડલાલ હરગોવિંદદાસ નાવલી. તા૦ સાણંદ.

„ અંબાલાલ જીવાભાઇ પટેલ. „ „

„ મીસ્ત્રી નાથાભાઈ હીરજી. „ „

„ ભોગિલાલ નાથજીભાઇ ભટ્ટ ફર્સ્ટ આસિ માસ્તર ચુણેલ. તા૦ નડિઆદ.

„ છોટાલાલ મગનલાલ ભટ્ટ. સેકન્ડ. „ „ „

„ હરવચરામ રૂપરામ મજમુદાર બી. એ. એલ. એલ. બી વકીલ હાલ નડિઆદ (સુરત)

„ મણિલાલ દામોદરદાસ શાહ નડિઆદ.

„ હરિલાલ ઇશ્વરલાલ રવાળવાડા નડિઆદ.

„ રેવાશંકર જીવતરામ જોશી કુકરવાડા તા વિજાપુર પ્રા. કડી

„ રેવાશંકર કૃપાશંકર જ્યોતિર્વિદ્ શાસ્ત્રી વડોદ તા. આણંદ.

„ સાકળલાલ શિવલાલ કંસારા નડિઆદ.

„ હરિભાઇ મરઘાભાઈ દેસાઈ. „

„ ફુલચંદ દલુભાઈ બારોટ „

„ સામળદાસ દામોદરદાસ બારોટ. „

„ મોહનલાલ મોતીરામ પંડયા વિજાપુરવાળા નડિઆદ.

શ્રીમતિ ગંગાબાઇ ગોપાળદાસ હેડ મિસ્ટ્રેસ ચકલાસી તા નડિઆદ.

„ મહાલક્ષ્મી જીવરામ મીડવાઇફ હાલ કીંગ એડવર્ડ હૉસ્પીટલ સ્ટુડન્ટ ઇંદોર છાવણી.

મીસ્ત્રી પુરૂષોત્તમ વૃંદાવનદાસ અમદાવાદ કાળુપુર ભંડેરી પોળ.